

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*હજારો નાં કમોતે બે-શબ્દ પણ બોલતા નથી!*
*મીંચી છે આંખ અને કોઈની ચીખ સૂણતા નથ!*
*ખૂલતાં નથી, કઠોર હૃદયનાં બંધ બારણાં -*
*કણસે પ્રજા કોરોનામાં 'ઉત્સવો' ભૂલતા નથી.*
*(લ્યો ! ઉજવો હવે રસી મહોત્સવ)*

### હાઈકુ

*રહો તૈયાર!*
*વિંઝાસે હવે લઠ્ઠ!?*
*લોકડાઉન!*
*(માર ભેગી માર)*

*શિસ્ત-પાલક-*
*પ્રધાનો સાહેબો ને*
*થાય છે કેમ ?*
*(એ પણ બેજવાબદાર?!)*

### ચિંતન

**વિકૃતિં નૈવ ગચ્છન્તિ સંગદોષેણ સાધવઃ ।**
**આવેષ્ટિતં મહાસર્પૈશ્ચન્દનં ન વિષાયતે ॥**

**ઉપરોક્ત શ્લોક શ્રીસુભાષિત પદાવલીમાંથી લેવામાં આવેલ છે.**

**સજ્જનો સોબતના દોષથી લેપાતા નથી. જેમ કે મોટા મોટા સર્પોથી વીંટળાયેલું ચંદનનું વૃક્ષ ઝેરવાળું બની જતું નથી.**

**માનવી સજ્જન - સદ્‌ગુણી - સારા સ્વભાવના અને સુશીલ ચારિત્ર્યના હોય તેને કોઈ ખરાબ - મિત્ર-દોસ્ત-સંગત મળી પણ જાય તો પણ એનો સાચો પરિચય થઈ જતાં એ ચેતી જાય છે અને પોતાની જાતનું રક્ષણ કરી પતનથી બચી જઈ શકે છે, તેની બુદ્ધિ-શક્તિનો વિવેક તેના ચારિત્ર્યનું રક્ષણ કરે છે.**

### સુવિચાર

- અંધકારે હું જ મારો દીપ છું, હું જ મારા શ્લોક, મારાં ગીત છું, હું જ મુજને આશ્વસી બેઠો કરું છું, હું જ મારી જીત, મારું સ્મિત છું - **રેણુંકા દવે**
- સિદ્ધ લોકોની હારમાં બેસવાનો ઉપાય છે નિષ્ફળથાને અવગણવી - **જેમ્સ એલન**
- આપણું કામ વસ્તુઓને સાચી કરવાનું નહીં પણ સાચી રીતે જોવાનું હોવું જોઈએ - **એરિક બટરવર્થ**
- જીવનમાં બે પસંદગી છે : હાલની સ્થિતિનો સ્વીકાર અથવા તેને બદલવાની જવાબદારી લેવી - **ડેનિસ વેટલી**
- સફળતા એટલે તમે જે કરવા માંગો છો, તમે જયારે કરવા માગો છો, તમે જયાં કરવા માગો છો, તમે જેના સાથે કરવા માગો છો. તમે જેટલું પણ કરવા માંગો છો, તે કરી શકવું - **એન્થનિ રોબિન્સ**
- ધ્યાન તો કેવળ પોતે હોવાનો અને પોતે કોમ છે તે જાણવાનો માર્ગ છે, તે જીવન પર ચાલવાનો માર્ગ છે - **જેમ્સ ધ્યાનસૂત્ર**
- આજનું ઔષધ : લસણને પીસી તેમાં મધ ઉંમેરી સવાર-સાંજ એક-એક નાની ચમચી ખાવાથી રોગ પ્રતિકારક શક્તિ વધે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મિતેશ અને દેવેશ દસેક વર્ષના બે મિત્રો. કંઈક નાની બાબતમાં ઝઘડો થતાં મિતિશે ગુસ્સામાં આવીને દેવેશનું ક્રિકેટનું બેટ તોડી નાખ્યું. મિતેશ ગુસ્સામાં ઘરે આવ્યો ત્યારે એના ચહેરા પરનો ભાવ એના દાદાજીથી છૂપા ન રહી શક્યા. દાદા એ મિતેશને કહ્યું. 'ભાઈ, શું બાબત છે તને કંઈ બાબતનો ગુસ્સો છે? જેણે તને પરેશાન કર્યો હશે એને પણ આપણે જરૂર પાઠ ભણાવીશું. પણ મને જાણકારી આપ કે થયું છે શું ?' દાદાએ મિતેશનો પક્ષ લેવાની વાત કરી એટલે એણે ગુસ્સા સાથે શું શું કર્યું. કંઈ રીતે એનો દેવેશ સાથે ઝઘડો થયો. તે બધી વિગત દાદાને કહી. દાદા એ વખતે ઘરમાં સગડીમાં કોલસા નાખી તાપણું કરી બેઠા હતા. તેઓ ઓચિંતા ગુસ્સા સાથે બોલ્યા, 'એમ? તારી સાથે દેવેશ ઝઘડો કર્યો?' ચાલ બોલાવ એને અને આ સગડીમાંથી કોલસો લઈ બરાબર ફેંક એની ઉપર.. આજે તો એને બરાબર પાઠ ભણાવી દઈએ.... મિતેશ ગુસ્સામાં પોરસાઈને ગરમ કોલસો ઉપાડવા ગયો અને દાઝ્યો એટલે તેણે સગડીમાંથી હાથ પાછો ખેંચી લીધો. દાદાએ કહ્યું, 'અરે, જોઈ શું રહ્યો છે, ઉપાડ કોલસો અને ફેંક... કેમ અટકી ગયો ?' મિતેશે કહ્યું, 'દાદા, હું સળગતો કોલસો ઉપાડીને મારીશ તો તે દાઝશે કે નહિં એની મને ખબર નથી. પણ મારા હાથ પહેલા દાઝશે.' દાદા માર્મિક હસ્યા અને બોલ્યા. સમજ બેટા, મન અને મગજમાં રાખેલો ગુસ્સો આ સળગતા કોલસા જેવો જ છે. કે જે આપણને અને આપણા સંબંધોને જ દઝાડે છે. ગુસ્સો ન કરવો, માફ કરતા શીખવું. ભૂલતા શીખવું, મનાવતા શીખવું, માફી માંગતા શીખવું. શાંત રહેતા શીખવું. નહીંતર એક નાની વાત માટે તું દેવેશ જેવો તારો મિત્ર હંમેશ માટે ગુમાવીશ.' મિતેશને સમજાયું અને એણે રીતેશને મનાવવાનું નક્કી કર્યું.

# વાઈરસને કોઈ ધર્મ કે પક્ષ નથી હોતો

**તંત્રીસ્થાનેથી...**

છેલ્લા ઘણા વખતથી દેશનાં બે મોટાં રાજયો મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળ સતત ચર્ચામાં રહ્યાં છે. બેઉમાં વિપક્ષી રાજય સરકારનું શાસન છે અને એથી કેન્દ્ર સરકારની બેઉ પર કરડી નજર રહ્યા કરી છે. બહુપક્ષીય સંસદીય લોકશાહીમાં કેન્દ્ર અને રાજયોમાં જુદા જુદા પક્ષોની સરકારો હોય તો એ તો ઊલટાની મજબૂત લોકશાહીની મિસાલ ગણાવી જોઈએ. પરંતુ વર્તમાન રાજકારણીઓ પાસે એવી ઉદાત્ત ભાવનાની અપેક્ષા વધારે પડતી લેખાશે. શાસન કરનાર પાર્ટીને અત્રતત્ર સર્વત્ર એકચક્રી શાસન ખપે છે અને વિપક્ષને માત્ર અને માત્ર વિરોધ કરવાનું જ સૂઝે છે. સમન્વયકારી દૃષ્ટિકોણનો સદંતર અભાવ રહેતો હોવાથી ઉચ્ચ પદોની ગરિમા પણ ઝંખવાતી રહે છે. પશ્ચિમ બંગાળની ચૂંટણી તબક્કાવાર ચાલી રહી છે ચાલી રહી છે તે દરમિયાન તૂણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે જે શાબ્દિક ઝપાઝપી થઈ રહી છે તે લોકશાહીના ઈતિહાસનું ન વાંચવું ગમે એવું પ્રકરણ છે. ચૂંટણી પંચ કે ન્યાયપાલિકા પણ આ જુધ્ધે ચડેલાં હરીફોને રોકવા કે ટોકવામાં નિષ્ફળ જ રહ્યાં છે. કોરોનાએ કાળો કેર વરતાવ્યો છે ત્યારે વડાપ્રધાન અને ગૃહપ્રધાનથી લઈ વ્હીલચૅર રેલીઓ યોજતાં મમતા બેનરજીની સભાઓમાં કયાંય કોરોના પ્રોટોકોલ જળવાતો નથી. ચૂંટણીઓ પતી ગયા પછી પશ્ચિમ બંગાળમાં ભાજપ સત્તામાં આવશે કે તૃણમૂલ કોંગ્રેસ હેટ્રિક મારશે તે તો મતપેટીઓ ખૂલશે ત્યારે ખબર પડશે, પણ અત્યારે એટલી આગાહી જરૂર કરી શકાય કે ત્યાં કલ્પના બહારના કોરોનાકાંડ જરૂર સરજાશે. મહારાષ્ટ્ર ભ્રષ્ટ સરકારને કેન્દ્ર સરકાર સતત ઊંચા જીવે રાખતી રહી છે. જો ઉદ્ધવ ઠાકરેએ ભાજપનો ટેકો સ્વીકાર્યો હોત તો એમને જે ઉજાગરા કરવા પડે છે તે ન કરવા પડત. સ્વમાની બાળાસાહેબનું લોહી કોઈની દાદાગીરી સહન ન જ કરી શકે; હા, શરદ પવાર જેવા વરિષ્ઠ મરાઠી માણૂસની સલાહ જરૂર સ્વીકારી શકે. કેન્દ્ર સરકાર લોકડાઉનની સમર્થક નથી, પરંતુ મહારાષ્ટ્રની વિકટ પરિસ્થિતિમાં લોકડાઉન વગર ચાલે એમ જ નહોતું. આખરે મુખ્યમંત્રીએ પંદર દિવસના કરફ્યૂના નામે હળવું લોકડાઉન લાગુ કરવું જ પડ્યું છે. જો કે એથી સવિશેષ ગરીબ સમુદાયોને રોજીરોટીનો પ્રશ્ન ન નડે એવી વ્યવસ્થા અને રોકડ સહાય ઉપરાંત મફત 'શિવાજી થાળી' નો પ્રબંધ કર્યા પછી આ નિર્ણય લેવાયો છે. મહારાષ્ટ્રમાં હજી સુધી કોરોનાની દવા નહીં મળતી હોવાની બૂમ નથી પડી. એ મુદ્દે એનું પ્રશાસન પ્રશંસાપાત્ર જ ગણાય. ગુજરાતમાં જે અરાજકતા સરજાઈ છે તે અન્ય રાજયોમાં નથી સરજાઈ એની નોંધ લેવી જ રહી. ઉત્તરપ્રદેશમાં રાજય સરકાર કુંભમેળો અટકાવી શકી નથી. લાખો હિંદુઓ આંધળૂકિયાં કરીને હરિદ્વારમાં ભીડ જમાવી રહ્યા છે. કોણ જાણે એનું કોરોનામાં રૂપાંતર થશે તો શી દશા થશે ! એકાદ વર્ષ પૂર્વે કોરોનાનો પ્રવેશ થયો ત્યારે નિઝામુદ્દીન ખાતે તબલીઘી જમાનને મેળો ('મરકઝ') યોજાયો હતો. વધુમાં વધુ, ૨,૦૦૦ લોકો એક સ્થળે ભેગા થયા હતા અને પછી પોલીસની બીકે વીખરાઈ ગયા હતા. ભારતીય જનતા પાર્ટીએ અને કેન્દ્ર સરકારે દેશ આખામાં કોરોના વિસ્ફોટનો ટોપલો તબલીગીઓના શિરે નાખ્યો હતો. કુંભ મેળામાં લાખોની સંખ્યામાં બેઘા થનાર શ્રદ્ધાળુઓ દેશભરમાં ગંગાજીમાં ડૂબકી માર્યા પછી ફેલાશે ત્યારે શી દશા થશે ? થોડું 'રેશનલ' નજરે પણ વિચારવું જરૂરી છે. બધું જ રામ ભરોસે ન મૂકી દેવાય. ચૂંટણી જીતવામાં રામ કાર્ડ જરૂર ચાલી શકે; કોરોના કોઈ રામ કે રહીમની આમન્યા નથી રાખતું. કારણ કે વાઈરસને કોઈ ધર્મ કે પક્ષ નથી હોતો.

# વીસમી સદીના આ વિદ્વાન ક્રાંતિવીરેને હાર્દિક સ્મરણાંજલિ!!



## લાગણીનો મેળો

રસિક વાળંદ

કયાં કશું દેવતાઈ છે પાનબાઈ
જે છે તે માણસાઈ છે પાનબાઈ
કોઈ પણ કયાં ચડાઈ છે પાનબાઈ
લોહી સાથે લડાઈ છે પાનબાઈ

●●●

'ભીમોત્સવ' - ક્રાંતિકારી સમાજ સુધારણ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ. 'શિક્ષિત બનો, સંઘર્ષ કરો, સંગઠિથ બનો' - આ સૂત્ર દ્વારા દલિત - પીડિત - શોષિત - વંચિત - બહિષ્કૃત - ગણાતા બહુજન સમાજમાં નવો પ્રાણ પૂર્યો. આ દેશને સમાનતા - બંધુતા અને સ્વતંત્રતાનો માર્ગ ચીંધ્યો... વીસમી સદીના આ વિદ્વાન ક્રાંતિવીરેને હાર્દિક સ્મરણાંજલિ !!

હું ઘણીવાર વિચારું છું કે મનુષ્યના ઉત્થાન માટે બનાવેલ ધર્મ હકીકતમાં માનવને ઉન્નત કર્યો કે પછી કચડી નાખ્યો ?! વેદકાલીન આર્ષદૃષ્ટાઓએ સામાજિક ઢાંચો મજબૂત બનાવવા એક સરખી માણસાઈ દાખવવા તેમજ સમજદારી કેળવવા માટે ધર્મ બનાવ્યો હતો... પરંતુ કાળક્રમે આ સગળુંયે નવે મુકાઈ ગયું. મૂળભૂત માવવતાવાદી સનાતન હિંદુ ધર્મની આ કેવી વિડંબના - એકબાજુ હિન્દુત્વ માટે ગજગજ છાતી ફૂલાવવાની ને બીજી બાજુ અસ્પૃશ્યતા, આભડછેટ, નાત-જાતના ઊંચનીચ ખ્યાલો, જ્ઞાતિઓમાંયે પેટા જ્ઞાતિઓના દંભી ખ્યાલે સંગઠિત હિંદુત્વની બાકબાદીને ભાગાકાર કરી ખોખળો ને પોકળ કરી નાખ્યો.

દોસ્તો, આજકાલ પ્રચલિત બનેલો શબ્દ (Quarabtine) - ક્વૉરન્ટાઈન - એ અગાઉના જમાનામાં વપરાતાં 'સૂતક' શબ્દનો જ નૂતન આવિષ્કાર છે. આપણે ત્યાં જન્મ-મરણના સમયે નજીકના કુટુંબીઓ દસ-બાર દિવસનું સૂતક પાળતા. આજે આ ક્વૉરન્ટાઈન એટલે સંક્રમણ ન ફેલાય એ હેતુથી ૧૪ દિવસ એકાંતવાસ પાળવો. એ જ રીતે એક સમયે મેલું ઉપાડનાર કે સ્વચ્છતાનું કાર્ય કરનારને તે ક્રિયા વખતે ન અડવું તેવો અસ્પૃશ્યતાનો નિયમ સારો જ હશે, જેથી ગંદકીના જીવજંતુ - વિષાણુનો ચેપ અન્યને ન લાગે. પણ કમનસીબે સમય જતાં અસ્પૃશ્યતા - છૂતાછૂટ - આભડઝેટ જાતિભેદનું મૂળ બની ગયો... સંક્રમણથી બચવા કે બચાવવા આ જરૂરી હતું એનો મતલબ એ નથી કે તેઓ અછૂત છે. - આવા ખોટા ખ્યાલોના મૂળમાં કુઠારાગાત જરૂરી હતો... જો કે આજે તો ઘણો જ બદલાવ આવ્યો છે.

૮૦ના દાયકામાં ગાંધી વિચારની શાળામાં કશાય ભેદભાવ વગર સૌ એક પંગતે જમવા બેસતા હતા. ત્યારબાદ પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી (પૂ.દાદા)ની 'સ્વાધ્યાય પ્રવૃત્તિ' એ દૈવી ભ્રાતૃભાવ શીખવ્યો. સાચે જ અત્યંજોનો અનાદર એ સમાજના અજ્ઞાનની નિપજ છે.

આજથી પાંચ દાયકા પૂર્વેનું મારું ગ્રામ જીવન યાદ આવે છે. અમારા રહેઠાણની નજીક રહેતી ચારેક વૃદ્ધાઓ... એમાં મારા ઘર આગળના રામજી મંદિરમાં સેવાપૂજા કરનાર માજી મારા બાલ-મનમાં કેટલાક સવાલો ઉદ્‌ભવતા - કે આ મંદિરવાળા બા-આવા રુક્ષ-શુષ્ક ને જડસું કેમ? કોઈનીયે સાથે વાતચીત કે ભળથાં જોયાં નથી. સતત ભક્તિમય - મસજાદી જીવન જીવનારાં... આ સવાલોના જવાબ નાનપણમાં તો મળ્યા નહોતા પણ આજે તત્કાલીન પરિસ્થિતિનું પૃથ્થકરણ કરતાં થોડુંક તો સમજાય છે... એક તો મંદિરવાળા બા કદાચ બાળવિધવા હશે. જ્ઞાતિએ બ્રાહ્મણ એટલે સૌના આદરપાત્ર્ય કદાચ શાળાનું પગથિયું પણ જોયું ન હોય. સ્ત્રીને ભણતરથી વંચિત રાખવાનો એ જમાનાનો રિવાજ કારણભૂત હશે. ઓછી ઉંમરે લગ્ન... કર્મસંજોગે બાળવૈધવ્ય... વડીલોની 'આમન્યા' ના ઓઠા હેઠળ વૈધવ્ય વેઠવાના દિવસો આવ્યા. ઊજળું ખાનદાન ને સંસ્કારો એ ઠાકોરજીની સેવાના સહારે જીવન વ્યતિત કરી કૂળની ખાનદાની સાચવી હતી. ઘર અને મંદિર એ જ એમનું વિશ્વ. બહારના જગતને જોવા - જાણવાનોય અભરખો નહીં. 'મનોરંજન' જેવો શબ્દ તો ભાગ્યે જ સમજતાં હશે. તત્કાલીન સામાજિક રીતરિવાજોએ એમના મનને મારી નાખ્યું હશે.

વિધવા એટલે ત્યાગ, વિધવા એટલે સંયમ - આવા મસમોટા શબ્દોથી સમાજ વૈધવ્યને શણગારતો રહ્યો. 'અરે, 'ગંગા સ્વરુપ' જેવું રુપકડું 'ટાઈટલ' કોઈ વિદ્વાને વિધવા બહેનોને આપી દીધું... કયાં પેલી દૂષિત - ગંગા નદી - અને બાળપણથી જીવનભર ભરથાર વિના શેકાતી સ્ત્રી.... આ 'ગંગા' અને 'વિધવા' વચ્ચે કશું સામ્ય ખરું ?! અરે, આ 'ગંગા સ્વરુપ' સ્ત્રીને 'રાંડીરાંડ' કહીને અપશુકનિયાળ ગણતાં આ સમાજને કયા વાર લાગે છે?! બાળપણમાં કેટલીયે બાળવિધવા પૂજનીય બહેનોને ખૂબ જ ધર્મિષ્ઠ, રુઢિચુસ્ત ને મરજાદી જીવતર જીવતી નિહાળી છે. અમારાં 'મંદિરવાળા બા' માથે મુંડન, ઘેરો કથ્થઈ રંગનો, વૈધવ્યને અનુરુપ કિનારી વગરનો સાડલો પહેરતાં. ભૂલેચૂકે કોઈ અડી જાય તો સ્નાન કરી શુદ્ધ થતાં. આવા ઊજળી મરજાદી પણાના 'સંસ્કાર' છેક મરતા સુધી જાળવેલાં...!!!

સમયની સાથે સમયના રૂપ-રંગપણ બદલાયા... એક જમાનામાં રૂઢિચુસ્ત સ્થાપિત હિતોની કરડાકીના જોરે ભોળી - માસુમ જિંદગી હિજરાતી... અને સમાજ એને ગૌરવ લેખતો. ધર્મ તો વ્યક્તિના ઉત્કર્ષમનું કારણ બનવો જોઈએ અને એ કામ ધર્મના વાહકો - સમાજ કલ્યાણ લક્ષી સંતો, સમાજ સેવીઓ અને માનવતાનો પ્રચાર-પ્રસાર કરતી સંસ્થાઓએ અનુકરણીય આદર્શો ચરિતાર્થ કરી નૂતન ચીલો ચાતરવો જોઈએ.

સ્પર્શમણિ :

'માનવશરીર અસ્વચ્છ કે રોગી હોઈ શકે, તે અનપઢ કે ગરીબ હોઈ શકે છે પરંતુ માનવ કયારેય અસ્પૃશ્ય કે અપવિત્ર હોઈ શકે નહીં, કેમ કે માનવ શરીર ઈશ્વરનું મંદિર છે.'

- પૂ. પાંડુરંગ શાસ્ત્રી

●●●

જે બીજાને પોતાના જેવો જુએ તે ઈન્સાન, બીજાને પોતાના જેવો (પવિત્ર) ન જુએ તે શેતાન.

દાદા ધર્માધિકારી.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# કયા ચીજ હે મૌત, આ બતાવું તુજ કો, યે ઈન્સાન કી શિકસ્ત હૈ ખુદા કે આગે



## અબીલ-ગુલાલ

મમતા રાવલ

એક કારણસર ગાંધીનગરના અંતિમધામ, મુક્તિધામ ખાતે જવાનું થયું. ત્યાં પહોંચતા જ હેબતાઈ જવાય એવા સીન જોવા મળ્યા. ત્યાં ભેગી થયેલી ભીડ જોઈ અટકી જવાયું. પછી ખ્યાલ આવ્યો કે મૃતકોના જનાજા સાથે લોકાચારે આવેલી ભીડ હતી એ. એમાં બહેનો પણ હતી. કોરોના એ સ્મશાનમાં પણ મેળો સર્જ્યો હતો. ત્યાં આવેલ દરેક વ્યક્તિના મનમાં એમ જ હોય એવું લાગતું હતું કે 'કોરોના તો મરનારને થયો, અમને કંઈ નહીં થાય' બધા સામાજીક જવાબદારી નિભાવવામાં કોરોનાને ભૂલી ગયેલા દેખાતા હતા. આક્રંદ-રૂદનના માહોલથી દિલ ભારે થઈ ગયું. એકસાથે આટલા મૃત્યુ ન ક્યારેય જાણ્યા હતા, ન ક્યારેય જોયા હતા.

કોઈકે લખ્યું છે...

'કયા ચીજ હે મૌત, આ બતાવું તુજ કો,
યે ઈન્સાન કી શિકસ્ત હૈ ખુદા કે આગે'

મૃત્યુ અનિવાર્ય ઘટના છે. તેને નિવારી, ટાળી કે અટકાવી શકાતી નથી. ગીતાજી માં કહ્યું છે. 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય થ ।' અર્થ છે જેનો જન્મ થાય છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. જન્મ અને મૃત્યુ અભિન્ન છે. બંને એક જ સાથે , એક જ સમયે અને એક જ સ્થાનમાં ઉદય પામે છે.

મૃત્યુ જેટલું નિશ્ચિત છે એટલું જ અનિશ્ચિત પણ છે. મૃત્યુ ક્યાં, ક્યારે, કેવી રીતે અને કેવું આવશે તેની કોઈને ખબર નથી. આ વાત દરેક જાણે જ છે. મૃત્યુ, જીવનને જીવંત બનાવે છે. એને સાચી રીતે ઓળખે છે એજ સારું જીવન જીવી શકે છે.

મૃત્યુ એ જીવન જીવવાનો માપદંડ બની રહે છે, જીવન કેવું જીવાવું જોઈએ એ ખ્યાલ મોતના વિચાર પરથી જ આવે છે. એક સંતે કહ્યું છે. 'ઘણાં લોકોની આંખ, મીંચવાનો સમય આવે ત્યારે જ ખૂલે છે' મૃત્યુનો ભય માનવ જીવનને ગતિશીલ અને ચેતનવંતુ બનાવે છે. મૃત્યુને લીધે માનવજીવનમાં ચેતના અને સભાનતાનો સંચાર થાય છે. જે ધર્મ સમજાવે છે. મૃત્યુ વેરની પરાકાષ્ઠાનો અંત છે. તે અહંકારનો નાશ કરે છે. મૃત્યુનો ભય માનવીની વૃત્તિ-પ્રવૃત્તિને અંકુશિત કરે છે, પાપમાંથી બચાવે છે. મૃત્યુ ઈચ્છા, ઝંખના, લાલસા, વાસનાઓ પર પૂર્ણવિરામ મૂકી જીવનનો થાક ઊતારે છે. મૃત્યુ માનવી માટે અંતિમ વિશ્રામ સ્થાન છે. એ અંત નથી, પરિવર્તન છે. મૃત્યુ પુનઃજન્મનું દ્વાર છે.

આપણને સૌને મરણ વધુ દુઃખદાયી ત્યારે લાગે છે જ્યારે સૃષ્ટિનો ક્રમ તૂટે છે. ઘરમાં અતિવૃધ્ધ વ્યક્તિઓ હાજર હોય અને યુવાન વ્યક્તિ ચાલ્યું જાય ત્યારે તે ઘણું દુઃખ આપે છે. આ કોરોના જેવા સમયકાળમાં અનેકવાર પ્રશ્ન થાય છે કે મૃત્યુનું આગમન વહેલું કેમ ? હા પ્રશ્ન યથાર્થ છે કારણ શાસ્ત્રોમાં મનુષ્યનું આયુષ્ય ૧૦૦ વર્ષનું કહ્યું છે. આમ જોઈએ તો મનુષ્યના આયુષ્યની અવધિ કલાક, મહિના, દિવસ કે વર્ષ આધારિત નહીં પણ શ્વાસ આધારિત છે આ શ્વાસની સંખ્યા પૂરી કરવામાં, આયુષ્ય ઘટાડવામાં મનુષ્યનાં છ દોષ કારણભૂત નીવડે છે. અધિક અભિમાન, ક્રોધ, અધિક વાણી, ત્યાગનો અભાવ, અગંત સ્વાર્થ અને મિત્રદ્રોહ આ તમામ ઉત્તેજના આવેશના કારકબળો છે જે શ્વાસનો વ્યર્થ ખર્ચ કરાવે છે.આ બધું જાણવા છતાંય ક્યારેક કુદરત નું ગણિત સમજવું અઘરું પડે છે.

કુદરતે બાઈન્ડીંગ કરીને આપેલી જીવન કિતાબના પાનાના ક્રમ ક્યારેક ઊલટા-સુલટા હોય છે. આ જીવનરૂપી કિતાબને સમજણના અનુસંધાન સાથે વાંચવી એટલે કે સમજણપૂર્વક જીવન જીવવું એજ એક માત્ર ઉપાય છે.

'કૌન સા ઝોંકા બુઝા દેગા કિસે માલૂમ હે
જિંદગી એક શમ્મે રોશન હે હવા કે સામને'

ભગવાન બુધ્ધ અને કિસા ગૌતમીનો કિસ્સો ઘણા વાંચકોને ખ્યાલ જ હશે, પોતાના યુવાન પુત્રને જીવીત કરવાની ગૌતમીની જીદ સામે ભગવાન બુધ્ધે ઉદાહરણ દ્વારા આપેલો બોધ સમજવા લાયક છે.ભગવાન બુદ્ધ જણાવે છે, 'મૃત્યુનો પ્રસંગ એ ઘરઘરની ઘટના છે. આપણે પણ સ્વજન ના મૃત્યુ ને સહેવા સિવાય કોઈ ઉપાય નથી' જીવનમાં સૌ કોઈએ આ વાત સંઘરી રાખવા જેવી છે.

ભગવદ્ ગુણસંપન્ન શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી. જેમણે પોતાના યુવાન, સર્વ ગુણસંપન્ન પુત્ર કર્દમ ની આશા પર સોલા ભાગવત્ વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. આ વ્હાલસોયા પુત્રના અકસ્માત મૃત્યુના સમાચાર જ્યારે શાસ્ત્રીજીને તાર દ્વારા, ચાલુ કથાએ મળે છે. ત્યારનો પ્રસંગ પણ સામાન્ય માનવીને હલાવી નાંખનાર છે. એ સમયની શાસ્ત્રીજીની પ્રતિક્રિયા. ''જ્યારે જેનું સ્ટેશન આવી જાય છે ત્યારે વ્યક્તિને ગમે તેટલી વિનંતી કરો, રોકો તો પણ એ ઊતરી જ જવાની છે. મારા પુત્ર કર્દમનું સ્ટેશન આવી ગયું. મારી ફરજ હતી કે પ્લેટફોર્મ સુધી એને પ્રેમભરી વિદાય આપી આવું'' મૃત્યુ પ્રત્યેની ઉચ્ચ કોટીની શાસ્ત્રીજીની સમજણ વંદનીય છે.

મૃત્યુની ઘટના સમયે વાતાવરણ શોકમય નહીં, પ્રભુમય બને એ યોગ્ય છે. રુદનથી મૃતાત્માને દુઃખ પહોંચે છે, આપણા દંભી સમાજમાં રડવું-આંસુ આવવા એ લાગણી માપવાની ફૂટપટ્ટી છે. 'જે જેટલું વધુ રડે એટલી એની લાગણી વધુ' વાળી સમાજની સમજ માટે નરસિંહ મહેતાએ પુત્ર શામળીયાના મૃત્યુ બાદ રચેલું પદ યોગ્ય છે.

જે ગમે જગતગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો...

કહ્યું છે '' જે ગણ્યું પ્યારું પ્યારા એ અતિ પ્યારું ગણી લેજે '' ભગવાને પોતે જે વસ્તુ ગમાડી એને આપણે પણ ગમાડી લેવાની છે. ભગવાન સાથે જોડવાથી મરણ પણ એક ઉપાસના બની જાય છે તેથી જ કદાચ અર્જુનનો વિષાદ (દુઃખ), વિષાદ યોગ તરીકે ઓળખાય છે.

એલીઝાબેથ કુલ્લેર રોસને મૃત્યુ વિશે ચિંતનશીલ અને વિચારપ્રેરક ૧૮ પુસ્તકોનું સર્જન કર્યું છે. મૃત્યુનો અનુભવ પામેલી, મૃત્યુની ભાષા શોધનારી, મૃત્યુ સાથે મિત્રતા બાંધી મોતને હંફાવનારી મહિલા એલિઝાબેથ કુલ્લર સલામીને લાયક છે. એમનાં પુસ્તકોમાંના *Language of Death* અને *On Death & Dyeing* તક મળે તો વાંચવા જેવા ખરા.

માનવ મૃત્યુથી ખૂબ ગભરાય છે. કારણ કે મૃત્યુને અમંગળ ઘટના ગણે છે. જીવન તરફ જોવાની સુયોગ્ય દ્રષ્ટિ કેળવાય તો માનવીને મૃત્યુમાં માંગલ્ય દેખાય છે. મૃત્યુને આવકારવાનો સંકલ્પ કેળવવાનો છે. એનું સ્વાગત કરવાનું મનોબળ કેળવવાનું છે. મૃત્યુને કરૂણ નહીં મંગલમય બનાવવાનું છે. તેમાં જ જીવનની સાર્થકતા છે.

પ્રચલિત સંવાદ સમરણ માટે...

જિંદગી ઓર મોત ઉપરવાલે કે હાથ હે
ઉસે ના આપ બદલ સકતે હે ના મૈં...
જીનકી ડોર ઉપરવાલે કી ઊંગલીઓ મેં બંધી હે, કબ કૌન કૈસે ઉઠેગા યે કોઈ નહિ બતા સકતા ??

# મનને ખાલી કરો, પાછું ભરવા માટે



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

એક છોકરાને તેના પિતાએ વાર્તાનું પુસ્તક ખરીદી આપેલું. બાળક એમાંના રંગીન ચિત્રો જોઈ ખુશ થઈ ગયો. વાર્તા વાંચીને તો ઔર મોજમાં આવી ગયો. એના મનમાં એ વાર્તાનાં ચિત્રો, પાત્રો રમવા લાગેલા. રોજીંદી ક્રિયાઓ રાબેતા મુજબ ચાલ્યાં કરતી પણ એ દરેક ક્રિયા કરતી વખતે એને ક્યાંક પેલી વાર્તાનાં પાત્રો દેખાઈ જતાં.

એકવાર એ છોકરો તેના પપ્પાને ખાટલાની પાટી ભરાવી રહેલો. અચાનક તેને સાત પૂંછડીવાળો ઉંદર દૂર ખૂણામાં ઉભેલો દેખાયો. છોકરાએ તરત બૂમ પાડી, ''પપ્પા જુઓ પેલી વાર્તામાનો ઉંદર.'' પપ્પાએ એ બાજુ જોયું અને પાછું કામમાં ધ્યાન આપ્યું. વળી થોડીવારે છોકરો કહે, ''પપ્પા આપણાં ગામનાં કુવે સિંહ અને સસલો પાણી પીવા આવી શકે?'' હવે પપ્પા અકળાયા, એક તો કામનો પાર ન હોય એમાં પાછી છોકરો આવી લપ કરે, એમણે કહ્યું, ''ચૂપ થઈ કામમાં ધ્યાન આપ.'' છોકરો ચૂપ થઈ ગયો.

ચૂપ થયો એ અવાજ હતો, છોકરાની વાણી અટકી પણ કલ્પનાનું શું? થોડાક દિવસો બાદ છોકરો એના એક દોસ્ત સાથે ક્રિકેટ રમી રહેલો ત્યાં એને ઝાડ ઉપર વાંદરો દેખાયો. એણે તરત એના મિત્રને કહ્યું, ''અરે જો પેલો જાંબુ ખાતો વાંદરો આંબાના ઝાડ ઉપર.'' મિત્રએ ઝાડ તરફ એક નજર કરી કહ્યું, ''આંબાના ઝાડ ઉપર વાંદરો જાંબુ કેવી રીતે ખાઈ શકે? ગપ્પાં મારવાનું બંધ કર અને દડો ફેંક.'' છોકરો દડો ફેંકવા લાગ્યો, ફરી વાણીનો પ્રવાહ અટક્યો, વિચાર ચાલું રહ્યાં. વાંદરો જાંબુ જ શું કામ ખાય? એ આંબાના ઝાડ ઉપર બેઠો છે તો એ કેરી કેમ ના ખાય. છોકરનાં મનમાં એક નવું ચિત્ર આકાર લેવા માંડ્યુ.

યુવાન વયે તેને એક છોકરી સાથે પ્રેમ થયો અને કલ્પનામાં નવા રંગ ઉમેરાયા. જંગલનાં પ્રાણીઓની જગ્યા હવે માનવીઓએ લીધી. બંને સાથે બેસીને કંઈ વાત કરી રહ્યા હોય ત્યાં છોકરો કહેતો, ''કાલે મારા સપનામાં વિનોદીની આવેલી.'' છોકરી ભડકી ઉઠતી, ''વિનોદીની? એ કોણ? અને તે તારા સપનામાં આવે જ કેમ? હું મરી ગઈ છું?'' છોકરાને જવાબ આપતા આંખે પાણી આવી જતા. વિનોદીની રવિન્દ્રનાથ ટાગોરની નવલકથાનું એક પાત્ર છે, એટલું કહેતા એની જીભ સુકાઈ જતી પણ પ્રેમિકા ના સમજે તે ના જ સમજે. છોકરો ફરી ચૂપ થઈ ગયો. પ્રેમમાંથી રસ ઊડી ગયો. વિનોદીની સાથે હવે શકુંતલા અને મેનકા પણ જાગતી આંખે દેખાવા લાગેલી.

છોકરનાં લગ્ન થયા. એણે વિચાર્યું, ચાલો હવે પત્ની સાથે મન ભરીને ચર્ચા કરીશ. મારા મનમાં ફૂટી રહેલી વાર્તાઓ એને સંભળાવીશ. જેવું આપણે વિચારીએ એવું જ થઈ જતું હોય તો આ દુનિયામાં ભગવાનનું અસ્તિત્વ જોખમમાં આવી જાય. પત્નીને પતિ પાસેથી પોતાના વખાણ ભરી વાતોની અપેક્ષા હતી. આગળ શું કરીશું એ ભવિષ્યનાં સપનાની વાતો ગમતી પણ વાર્તા એની સમજ બહારની વાત હતી. ''જે લોકોનું આ દુનિયામાં કોઈ અસ્તિત્વ જ નથી એવા લોકોનાં જીવન વિષે આપણે શા માટે વિચારવું જોઈએ?''- પત્નીએ સામો સવાલ કર્યો અને છોકરો ફરી મૌન થઈ ગયો.

જે વાર્તાઓએ તેને પોતાના બાપની આગળ, મિત્રો આગળ, પ્રેમિકા આગળ અને હવે એની પત્ની આગળ પણ મૌન કરી મેલ્યો એ વાર્તાઓથી પીંછો કેમનો છોડાવવો? કેટલાક પાત્રો ભૂતની માફક એની આસપાસ ફરતા રહેતા. જે ઘટનાઓ એ રોજ જોતો, વાંચતો એ બધી એના કાનમાં આવી નવી વાર્તા સંભળાવી જતી. છોકરાનું મન બેચેન હતું. હવે તો પુસ્તકો વાંચવાનો પણ કંટાળો આવવા લાગેલો. આ વાર્તામાં આમ નહીં તેમ થવું જોઈએ. આનો અંત આવો ન હોવો જોઈએ...

આખરે એક દિવસ તે છોકરાએ કલમ ઉપાડી. જે પાત્રો મનમાં ઘમસાણ મચાવી રહેલા એમને પેપર પર ઉતારતાં જ તેને અદ્ભુત શાંતિ મળી. મન ખાલી થઈ ગયું. મનને ખાલી કરવાનો એક રસ્તો મળી ગયો. છોકરાનું ધ્યાન ગયું કે એણે એક વાર્તા લખી નાખી હતી અને સુંદર હતી. તેણે એ વાર્તા એક અખબારના તંત્રીને મોકલી આપી. બે દિવસ બાદ એ વાર્તા છાપામાં...

છોકરાનું આગળ શું થયું એ જણાવીશ ફરી ક્યારેક પણ, અત્યારે માની લો કે એ છોકરો તમે પોતે છો. તમારા મનમાં ચાલી રહેલી ચણભણને વ્યક્ત કરવાનો તમને એક રસ્તો મળી ગયો છે, હવે તમે શું કરશો? કેટલે આગળ સુધી જઈ શકશો? વાત ફક્ત લેખનની નથી, તમારા મનને ખાલી કરવાનો રસ્તો સંગીત હોય શકે છે, ચિત્રકામ હોય શકે છે, ફોટો ખેંચવાનું, ડાન્સ કરવાનું, એક્ટિંગ કરવાનું કંઈ પણ હોય શકે છે. જરૂર છે એ રસ્તો શોધવાની, મનને ખાલી કરી ફરીથી ભરવાની.

એકવાર એ રસ્તો મળી જાય પછી પાછું વળીને જુઓ જ નહીં, લાગ્યા રહો તમારા શોખ પાછળ. આજે તમારી પાસે ઈન્ટરનેટ છે, લોકો આગળ તમારી કળા બતાવવા અનેક માધ્યમ છે પછી રાહ શેની જુઓ છો? દેખાડી દો તમારી આવડત આખી દુનિયાને. કેટલાક ટીકા કરશે એમને સાંભળો અને સુધારવા જેવું લાગે તે સુધારી આગળ વધતાં જાઓ. કોઈ નામ, કે રૂપિયા કમાવા માટે નહીં પણ તમારા પોતાના સંતોષ માટે કામ કરો બાકીનું આપોઆપ આવી મળશે.

**અમસ્તું,**

હજી કેટલું આગળ જવાનું છે એ વિચારવાનું છોડો, કેટલે સુધી આવી પહોંચ્યા એ જુઓ અને આગળ વધવાનું ચાલું રાખો.